# ત્રાસવાદને જડબાતોડ જવાબઃ સંસદ પરના હુમલાના ગુનેગાર અફઝલ ગુરુને ફાંસી

**નવી દિલ્હીઃ** ૧૩મી ડિસેમ્બર, ૨૦૦૧માં ભારતની સંસદ પર ત્રાસવાદી હુમલાનો મુખ્ય સૂત્રધાર અને જૈસે મોહમ્મદના ખૂંખાર ત્રાસવાદી અફઝલ ગુરુને નવમી ફેબ્રુઆરી, શનિવારે સવારે આઠ વાગ્યે ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યો હતો. દિલ્હીની તિહાડ જેલમાં તેને ફાંસી અપાઈ હતી. મુંબઈ પરના હુમલાના ગુનેગાર અજમલ કસાબને જે રીતે ફાંસી અપાઈ હતી એ જ રીતે અફઝલ ગુરુને પણ ફાંસીએ લટકાવી દેવાયો હતો. દેશના લોકો જ્યારે સવારે ઉઠ્યા ત્યારે તેમને જાણ થઈ કે સંસદ પરના હુમલાના ગુનેગારને તેના કર્મોની સજા મળી ગઈ છે. કસાબ અને અફઝલને ફાંસી આપ્યા પછી કેન્દ્ર સરકારે ત્રાસવાદ સામેના પોતાના કડક વલણનો સંદેશો આપ્યો છે. ભાજપે ફાંસીની સજાને આવકારી હતી.

શનિવારે વહેલી સવારે ચાર વાગ્યે તિહાડ જેલમાં ભારે હલચલ મચેલી હતી. જેલમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ આવી પહોંચ્યા હતા. જરૂરી તમામ પ્રક્રિયા પૂરી કર્યા પછી અફઝલને બેરેક નંબર ત્રણમાં ફાંસી અપાઈ હતી. રાષ્ટ્રપતિ ભવનના પ્રવક્તા રાજમોનીએ કહ્યું હતું કે અફઝલની દયા અરજી તાજેતરમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ નામંજૂર કરી હતી.

સન ૨૦૦૧માં દેશની સંસદ પર હુમલો કરાયો હતો. આ હુમલામાં અફઝલને દોષી જાહેર કરાયો હતો. ભાજપ સહિત ઘણા પક્ષો અને સંગઠનો તેને વહેલી તકે ફાંસી અપાય તેવી માગણી લાંબા સમયથી કરી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૨૦૦૪માં અફઝલને સંસદ પરના હુમલાનો દોષી ગણાવી ફાંસીની સજા ફટકારી હતી. અફઝલની દયા અરજી પૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલે પેન્ડિંગ રાખી હતી. પ્રણવ મુખરજીએ પણ અફઝલની ફાઈલને ફરી એક વાર ગૃહ મંત્રાલયને પરત મોકલી હતી, પરંતુ થોડા દિવસ અગાઉ ત્રીજી ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિએ તેની દયા અરજી નામંજૂર કરી તેને ફાંસી આપવા મંજૂરીની મહોર મારી હતી. આ પછી કેન્દ્રીય ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ ચોથી ફેબ્રુઆરીએ ફાંસીની સજા પર હસ્તાક્ષર કર્યા હતા. ત્યાર પછી ગૃહ મંત્રાલયની બેઠક યોજાઈ હતી અને તેને ફાંસી આપવાની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. દિલ્હીની તિહાડ જેલ પાસે કોઈ જલ્લાદ ન હતો. આથી ફાંસી આપવા બહારથી જલ્લાદ મંગાવાયો હતો. દિલ્હીના ગૃહસચિવ આર. કે. સિંહે અફઝલની ફાંસીને સૌપ્રથમ સમર્થન આપ્યું હતું.

અફઝલની ફાંસી સાથે કાશ્મીર સહિત સમગ્ર દેશમાં હાઈએલર્ટ જાહેર કરાયું હતું. સંવેદનશીલ સ્થળોએ કરફ્યુ લાદવામાં આવ્યો હતો. કાશ્મીરમાં ખાસ સાવચેતી રાખતાં સુરક્ષા દળોને માર્ગો પર ખડકી દેવામાં આવ્યા હતા.

ફાંસીએ લટકાવતા અગાઉ અફઝલને જ્યારે તેની અંતિમ ઈચ્છા અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેણે પવિત્ર કુરાનની નકલ માગી હતી. અફઝલ પાસે જેલમાં પહેલેથી જ કુરાન હતું, પરંતુ અંતિમ ઈચ્છામાં તેણે આ પવિત્ર પુસ્તક માગ્યું હતું. અફઝલને શનિવારે ફાંસી અપાશે તેવી જાણ તેને શુક્રવારે જ કરી દેવામાં આવી હતી. જેલ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે અફઝલની અંતિમ ઈચ્છા પૂરી કરાઈ હતી. ફાંસી પહેલા તેને કુરાન આપવામાં આવ્યું હતું. આખી રાત તે સૂતો ન હતો, બેરેકમાં ખાવાની અનેક ચીજો રાખવામાં આવી હતી, પરંતુ તેણે માત્ર બે-ત્રણ ગ્લાસ પાણી જ પીધું હતું. સવારે જ્યારે તેને ઉઠાડવા માટે જેલના અધિકારી બેરેકમાં ગયા ત્યારે તે જાગતો હતો. તબીબોએ તેની તપાસ કરી ત્યારે તે થોડો ગભરાયો હતો. તબીબોએ તેને ફીટ જાહેર કર્યો હતો, ત્યાર પછી તેને ડેથ વોરંટ સંભળાવાયું હતું. અંતિમ સમયે તેણે કોલર વિનાનો કુરતો પહેર્યો હતો. ફાંસીએ લટકાવ્યા પછી તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ પછી તેને તિહાડ જેલમાં જ દફન કરાયો હતો.



સંસદ પરના ત્રાસવાદી હુમલાનો મુખ્ય આરોપી અફઝલ ગુરુ. અફઝલ ગુરુને શનિવારે સવારે આઠ વાગ્યે ફાંસી અપાઈ હતી. *(ફાઈલ ફોટો)*

સંસદ પરના હુમલાના દિવસને ઈતિહાસના પાના પર કાળો દિવસ કહેવાય છે. સંસદના શિયાળુ સત્ર દરમિયાન પાંચ ત્રાસવાદીઓએ સંસદ પર હુમલો કર્યો હતો. જોકે ભારતીય જવાનોએ ત્રાસવાદીઓના નાપાક ઈરાદાઓને સફળ થવા દીધા નહોતા અને તમામ પાંચ ત્રાસવાદીને ફૂંકી માર્યા હતા. આ હુમલામાં નવ જવાનો શહીદ થયા હતા. આ હુમલા પાછળ અફઝલનો હાથ હતો. હુમલા પછી દિલ્હી પોલીસે અફઝલની ધરપકડ કરી હતી.

અફઝલની ફાંસીનો મામલો વર્ષોથી લટકતો હતો. ૨૦૦૬માં અફઝલની પત્ની તબસ્સુમે દયાની અરજી કરી હતી. પાંચ વર્ષથી વધુ સમય પસાર થયા પછી પણ આ દયાની અરજી પર કોઈ નિર્ણય કરાયો નહોતો. રાષ્ટ્રપતિએ આ દયાની અરજી પર ગૃહ મંત્રાલય પાસે સૂચન માગ્યું હતું અને ગૃહ મંત્રાલયે તેને દિલ્હી સરકાર પાસે મોકલી હતી. દિલ્હી સરકારે ચાર વર્ષ સુધી કોઈ નિર્ણય કર્યો નહોતો. ગૃહ મંત્રાલયે ૧૫ વાર યાદ અપાવ્યા પછી ત્રીજી જૂન, ૨૦૧૦ના રોજ દિલ્હીના ઉપ રાજ્યપાલ તેજીન્દર ખન્નાએ દયાની અરજી કાઢી નાખવાનું સૂચન આપ્યું હતું. તેને એક વર્ષથી વધુ સમય પોતાની પાસે રાખ્યા પછી ગૃહ મંત્રાલયે ૨૭મી જુલાઈએ રાષ્ટ્રપતિ સચિવાલયને કહ્યું કે અફઝલની દયાની અરજી નકારવી જોઈએ.

અફઝલને ફાંસી આપવાની શિવસેનાના સુપ્રીમો દિવંગત બાલ ઠાકરેની અંતિમ ઈચ્છા પૂરી થઈ હતી. ઠાકરેએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને અનુરોધ કરતાં કહ્યું હતું કે અફઝલની દયાની અરજી રદબાતલ કરવાના પવિત્ર કાર્ય સાથે આપની રાષ્ટ્રપતિપદની કારકિર્દી શરૂ કરીને નવો ઈતિહાસ રચો. *(જીટીએનએસ)*


# દૂરથી ડુંગર રળિયામણો, એ જ રીતે દરિયો પણ દૂરથી જ રળિયામણો છે

## ખારો દરિયો, કાઠો દરિયો

નાહેદા શેખ

**મણકોઃ ૨**

પશુપાલન આ વિસ્તારમાં આજીવિકા માટે શક્ય જ નથી, જૂનાગઢ વિસ્તારના ખેડૂતોની જમીન તો ખારી થઈ જ છે, જ્યાં ખેતીમાં કેટલાક પાકો હવે થઈ શકતા નથી, સાથેસાથે પશુના પીવાના પાણીના પ્રશ્નને કારણે દૂધની આવકનો કોઈ આધાર નથી. ફક્ત ઘરમાં વાપરી શકાય તેટલું દૂધ મળી રહે અને પોતાને પણ પીવાના પાણીની સમસ્યા વેઠવી પડે છે. જૂનાગઢ વિસ્તાર દરિયાની ખારાશના કારણે અસરગ્રસ્ત થયેલા વિસ્તારોમાંનો એક છે. પાછલા ત્રણ દાયકામાં પાણીનો પ્રશ્ન અહીંનો મુખ્ય પ્રશ્ન છે. ૧૯૭૭ના ગુજરાત સરકારના હાઈલેવલ કમિશનના અહેવાલ મુજબ, પાંચ કિલોમીટરથી ૭.૫ કિલોમીટર સુધી વધેલો દરિયાનો વિસ્તાર, ૨૦૦૬માં ૭.૫થી ૯.૫ કિલોમીટર સુધી વધ્યો છે. અને આમ તો દરિયાની સપાટીનો એક સેન્ટિમીટરનો વધારો પણ આસપાસના વિસ્તારની જમીન અને જનજીવનને અસર કરે છે. જમીનના તળમાં રહેલું પાણી જનજીવનની મુખ્ય જરૂરિયાત છે, જે દરિયાની સપાટી વધવાની સાથે ખારાશમાં પરિવર્તે છે. ૧૯૫૦માં ખેતીમાં ઉપયોગમાં લેવાયેલી પદ્ધતિ પમ્પિંગ તકનીકને ખેડૂતોએ અપનાવી હતી, જેના પરિણામરૂપે ૧૯૬૦માં જમીનનાં તળમાં રહેલું મીઠું પાણી વધુ ખેંચવાના કારણે ખારા પાણીએ તેની જગ્યા લીધી, પરિણામે મીઠા પાણીના બદલે ખારા પાણીથી બગડેલી જમીનથી ખેડૂતોની આવક પર સીધી અસર પડી. ખેતીમાં લેવાતા પાકોમાં બદલાવ આવ્યો. ખેતી કરવાની રીત બદલવી પડી અને જમીનના ઊંડાણમાં રહેલા મીઠાં પાણીને કેમ કરી જાળવવું એ એક મોટો અને ગંભીર પ્રશ્ન સામે આવીને ઊભો રહ્યો.



કૂવા રિચાર્જ કરવા, ચેકડેમ દ્વારા વરસાદના પાણીને રોકવું અને ખારાશ નિવારણનાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં અને આ સાથે જ પીવાના પાણીના મુદ્દાનો પણ ખેલ આવ્યો, જેમાં વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, ઘર પાસે ટાંકામાં વરસાદનું પાણી જમા કરી આખું વર્ષ પીવા માટે વાપરવું. આ બધા પ્રયત્નો હાથ ધરાયા. આમ, સૌરાષ્ટ્રના ઊના, કોડીનાર, સુત્રાપાડા, વેરાવળ, મલીના, માંગરોળ જેવાં વિસ્તારો માટે આ પ્રશ્ન જીવનમરણનો પ્રશ્ન છે, જે જનજીવનને આર્થિક સામાજિક દૃષ્ટિએ અસર કરતો સીધો પ્રશ્ન ગણી શકાય. તેની સાથે જોડાયેલા સીધા પ્રશ્નોમાં આ વિસ્તારમાં જમીનના તળમાં રહેલા ચૂનાના પથ્થર, જે ઊંડાણમાં રહેલાં પાણીનાં તળને માપવામાં બાધારૂપ બને છે. ૧૫ મીટરથી પણ વધારે ઘનતા ધરાવતા આ પથ્થરને જમીનના પેટાળમાંથી દૂર કરવા અને પાણીની ઊંડાઈ માપવી અશક્ય છે.

જૂનાગઢ વિસ્તારમાં એક તરફ જમીનની ઊંડાણની પેટાળની સમસ્યા જ્યાં બીજી તરફ વરસાદનો આધાર અને તેના પર આધારિત જનજીવન. ક્યારેક વરસાદ વધુમાં વધુ ૬૭૪ મિલીમિટર નોંધાય, જે સૌથી વધુ વરસાદ હોય, તો ક્યારેક ફક્ત ૩૫ મિલીમિટર નોંધાય છે. આમ, વરસાદના પાણીનો આધાર રાખવો પણ શક્ય નથી, જે અચોક્કસ છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ વિસ્તારનો દરિયાકાંઠો માનવજીવન માટે ભયાવહ સાબિત થતો રહ્યો છે, જ્યાં કુદરતી પ્રક્રિયાને ધ્યાનમાં રાખી આયોજન કરવું અશક્ય છે.

પીવાના પાણીના પ્રશ્નને જોતાં ૧૯૭૦માં, જૂનાગઢના ઊનાથી માધવપુરા વિસ્તારના પાણીનો સેમ્પલ ૧૫૦૦ ટીડીએસ હતો, જે ખારાશની દૃષ્ટિએ લેવામાં આવ્યો હતો, જે આજે તે જ પદ્ધતિથી જોતાં, ત્રણ દાયકા પછી ૨૦૦૬માં ૧૭૫૦થી ૨૦૦૦ ટીડીએસ થયું છે. જેમાં ૨૦૦૦ ટીડીએસ સંપૂર્ણ ખારાશ માનવામાં આવે છે, જે દરિયાકાંઠાના લોકો પીવામાં ઉપયોગ લઈ રહેલાં પાણીમાં છે. આમ, વધતી જતી સપાટીના કારણે તેની સાથે જોડાયેલાં દરેક પરિબળો અસર પામે છે.

આમ, દરિયાકાંઠાનો વિસ્તાર ખારાશને સતત વધારતો રહ્યો છે. ૧૯૭૧થી ૨૦૦૬ સુધીમાં વધારો જ જોવા મળ્યો, બે વર્ષના અંતરે પણ સપાટીમાં ખારાશ એકસરખી રહી હોય એવું જોવા મળ્યું નથી.

પાછલાં વર્ષોના આંકડાને જોતાં જૂનાગઢ વિસ્તારમાં પાછલા ત્રણ દાયકામાં ખારાશનું પ્રમાણ જુદી જુદી રીતે વધ્યું છે. અને આજની તારીખે નોંધાયેલા આંકડાથી તે ભિન્ન છે, જે સ્થાનિક સમુદાયની સપાટીથી ભૌગોલિક પરિસ્થિતિ પર આધારિત છે, આમ કુદરતની અનિયમિતતા વરસાદનું વધુ ઓછુ પ્રમાણ અને સ્થાનિક ખેડૂતની પાણીના વપરાશની પદ્ધતિ અને ટેવ પર આધારિત છે, પરંતુ તે વિસ્તારના જનજીવનને સીધી અસર કરે છે.

ગુજરાતના દરિયાકિનારાને જેટલી માણવાની મજા છે તેટલી જ તેની કપરી પરિસ્થિતિ આજીવન દરિયાકાંઠે નિર્ભર લોકોની છે. કાંઠાવિસ્તારના લોકોની પરિસ્થિતિ વિશે કરેલા અભ્યાસ મુજબ, અહીંના રહેવાસીઓની આર્થિક સામાજિક પરિસ્થિતિમાં સીધો બદલાવ આવ્યો છે. આરોગ્ય પર સીધી અસર થઈ છે, જેમાં ચામડીના રોગો અને પથરીની સમસ્યા વધી છે. આરોગ્યમાં થતી તકલીફને કારણે દિવસની મજૂરી કે કામ ન થવાથી આવકમાં સીધો ઘટાડો થાય છે. પીવાના પાણીની ગુણવત્તામાં આવેલો બદલાવ પાણીમાં ક્લોરાઇડ, મેગ્નેશિયમ, કેલ્શિયમ અને સોડિયમનું પ્રમાણ વધ્યું છે, જે આ રોગો થવાનું મુખ્ય કારણ છે. જૂનાગઢ તાલુકાના યુરોલોજિસ્ટના જણાવ્યા મુજબ, વસતિના કુલ છ ટકા લોકો કિડની અને પથરીના દરદથી પીડા છે. પથરી થવાનું મુખ્ય કારણ પીવાના પાણીમાં કેલ્શિયમનું વધુ પ્રમાણ છે. જૂનાગઢ ખારાશ ધરાવતાં અને ન ધરાવતાં પાંચ ગામોના અભ્યાસના આધારે, સંપૂર્ણ ખારાશ હોય તેવાં ગામોમાં ૭.૯ ટકા બીમારીનું પ્રમાણ જોવા મળ્યું છે, જ્યારે ખારાશ નહિવત્ હોય તેવા વિસ્તારોમાં ૩.૨ ટકા બીમારી જોવા મળી છે. અંદાજિત પાણીમાં ટીડીએસ અને કેલ્શિયમનું પ્રમાણ ૫૦૦ અને ૭૫ ગ્રામ હોવું જોઈએ, જે અંદાજિત ટીડીએસ ૨૪૬૨ જ્યારે ૨૯૬ લિટર જોવા મળે છે. આમ, પીવાના પાણીને કારણે થતી બીમારી આવકનો મોટા ભાગનો ખર્ચ થઈ જાય છે.

આમ, દરિયાકાંઠાના જીવનમાં પાણીની સાથે આવકની અછત તો છે જ સાથે સાથે બીમારીના કારણે ખર્ચ વધતો જાય છે. આમ, કુદરતી પ્રકોપ જે અમુક વર્ષે સામાન્ય માનવીને દેખાઈ દે છે. તેનો વર્ષોથી અને દર એક દિવસે ભોગ આ સમુદાય બને છે. દૂરથી ડુંગર રળિયામણો, એવી જ રીતે દરિયો પણ દૂરથી જ રળિયામણો છે. ●

*(સેન્ટર ફોર સાયન્સ એન્વાયર્નમેન્ટના સંશોધનકાર્ય હેઠળ કરેલા સંશોધનના આધારે)*

**તાલુકા પ્રમાણે દરિયાકાંઠાની ખારાંશનું વધતું અંતર (કી.મી.માં)**

| તાલુકો | ૧૯૭૧ | ૧૯૭૩ | ૧૯૭૫ | ૧૯૭૭ | ૨૦૦૬ |
|---|---|---|---|---|---|
| ઉના | ૪.૫ | ૬ | ૬.૫ | ૭.૫ | ૯.૬ |
| કોડિનાર | ૪.૫ | ૬ | ૭ | ૭.૫ | ૯.૫ |
| વેરાવલ | ૨.૫ | ૩ | ૪ | ૫ | ૭.૫ |
| માંગરોલ | ૩ | ૪ | ૫ | ૬ | ૩.૨૫ |